LIKE & FOLLOW: /Mumbaisamachar4u

મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957

મુંબઈ અને અમદાવાદથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ Volume 64 ■ પુસ્તક: ૨૦૦ ■ અંક: ૧૨ ■ પૌષ સુદ-૧ ■ વિક્રમ સંવત ૨૦૭૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 January 2021, Thursday ■ REGD.No. MCS/058/2021-23

ગુરુવાર, ૧૪ જાન્યુઆરી, ૨૦૨૧ (૧૦ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ ચાવડી ૫ ૬ ૭ ૮

ઍરફોર્સને મળશે ૮૩ તેજસ ફાઈટર વિમાનો

નવી દિલ્હી: સ્વદેશી બનાવટના ૮૩ તેજસ ફાઇટર વિમાન રૂ. ૪૮,૦૦૦ કરોડના ખર્ચે ખરીદીને ભારતીય વાયુસેનાને આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કેન્દ્ર સરકારે બુધવારે લીધો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા માટેની કેબિનેટ કમિટી (સીસીએસ)માં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ વિમાનો હિંદુસ્તાન ઍરોનોટિક્સ લિ. (એચએએલ) પાસેથી રૂ. ૪૮૦૦૦ કરોડમાં ખરીદવામાં આવશે.

બેઠક બાદ સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે ટ્વિટર પર જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં યોજાયેલી સીસીએસની બેઠકમાં ભારતીય વાયુસેનાની શક્તિમાં વધારો કરવા માટે રૂ. ૪૮૦૦૦ કરોડની કિમતના ૮૩ એલસીએ-તેજસ ફાઇટર વિમાનો ખરીદવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. ભારતમાં સંરક્ષણ ઉત્પાદન મામલે આ નિર્ણય ગેમચેન્જર સાબિત થશે.

આવનાર વર્ષો દરમિયાન તેજસ વિમાન ભારતીય વાયુસેનાની કરોડરજ્જુ સાબિત થશે.

એલસીએ-તેજસમાં મોટા પ્રમાણમાં નવી ટેકનોલોજી સામેલ કરવામાં આવી છે અને એમાંથી ઘણી ટેકનોલોજીનો ભારતમાં ક્યારેય ઉપયોગ થયો નથી.

સંરક્ષણ પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે હિંદુસ્તાન ઍરોનોટિક્સ લિ. (એચએએલ)એ નાશિક અને બેંગલુરુમાં બીજા તબક્કાના ઉત્પાદન માટેની બધી જ વ્યવસ્થા તૈયાર કરી લીધી છે.

આવો ઐતિહાસિક નિર્ણય લેવા બદલ હું વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ધન્યવાદ આપું છું. તેજસ કાર્યક્રમ ભારતના ઍરોસ્પેસ ઉત્પાદનની ક્ષમતાને વધારવા સાથે આત્મનિર્ભર બનાવશે. (પીટીઆઇ) ■

મુંબઈમાં પેટ્રોલનો ભાવ ₹ ૯૧ને પાર

ડીઝલની કિંમતમાં પણ ઉછાળો

નવી દિલ્હી: દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી વધારો કરાયો હતો. મુંબઈમાં પેટ્રોલનો ભાવ વધીને રૂપિયા ૯૧.૦૭ અને ડીઝલનો ભાવ વધીને રૂપિયા ૮૧.૩૪ થયો હતો. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં લિટર દીઠ પચીસ પૈસા વધ્યા હતા.

દિલ્હીમાં પેટ્રોલનો ભાવ રૂપિયા ૮૪.૪૫ અને ડીઝલનો ભાવ વધીને રૂપિયા ૭૪.૬૩ થયો હતો.

છૂટક ઈંધણ વેચતી સરકારની કંપનીઓ - ઇન્ડિયન ઑઇલ કૉર્પોરેશન લિમિટેડ, ભારત પેટ્રોલિયમ કૉર્પોરેશન લિમિટેડ અને હિંદુસ્તાન પેટ્રોલિયમ કૉર્પોરેશન લિમિટેડે છઠ્ઠી જાન્યુઆરીથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં દૈનિક વધ-ઘટ કરવાની શરૂ કરી છે. સતત બે

(જુઓ પાનું ૨) ▸▸

કાશ્મીરની સરહદે પાકે બનાવેલી ૧૫૦ મીટર લાંબી વધુ એક સુરંગ શોધાઇ

(પીટીઆઇ)

જમ્મુ: કઠુઆ જિલ્લાના હીરાનગર સેક્ટરમાં આવેલી આંતરરાષ્ટ્રીય સરહદ (આઇબી)ની નીચેથી ત્રાસવાદીઓ ભારતમાં ઘૂસણખોરી કરી શકે એ માટે પાકિસ્તાને બનાવેલી ૧૫૦ મીટર લાંબી વધુ એક સુરંગ સીમા સુરક્ષા દળ (બીએસએફ)ના જવાનોએ શોધી કાઢી હતી. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે કઠુઆ અને સામ્બા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદેથી પાછલા છ મહિનામાં આ બીજી ટનલ સતર્ક જવાનોએ શોધી કાઢી છે અને પાછલા દાયકામાં આ પ્રકારની કુલ નવ ટનલ શોધાઇ હતી.

બીએસએફના આઇજી એન. એસ. જામવાલે જણાવ્યું હતું કે અંદાજે ૧૫૦ મીટર લાંબી ટનલને બીએસએફના પેટ્રોલ કરતા ટનલ વિરોધી અભિયાનના જવાનોએ હીરાનગર સેક્ટરના બોબીયાન ગામમાંથી બુધવારે સવારે શોધી કાઢી હતી. અમને મળેલી ગુપ્ત માહિતીના આધારે અમે આ વિસ્તાર પ્રત્યે સંવેદનશીલ છીએ. ટનલનું ઉદ્ગમસ્થાન પાકિસ્તાનના

(જુઓ પાનું ૨) ▸▸

દેશનાં દરેક ખૂણે ઝડપથી વેક્સિન પહોંચાડવામાં આવી

નવી દિલ્હી: કોવિડ-૧૯થી છૂટકારો મેળવવા માટેની ઝૂંબેશ હેઠળ ૧૬મી જાન્યુઆરીથી કોરોનાની રસી મૂકવાની શરૂઆત કરાશે અને એની પૂર્વ તૈયારી રૂપે બુધવારે પહેલા વિમાન માર્ગે દેશનાં દરેક ખૂણે આવેલા મોટાં શહેરોમાં અને ત્યાંથી નાના શહેરો અને કસબા સુધી ઝડપથી વેક્સિન પહોંચાડવામાં આવી હતી.

સત્તાવારા સૂત્રોના જણાવ્યા અનુસાર આસામથી ગોવા અને જમ્મુ-કાશ્મીરથી કેરળ સુધી અત્યંત સાવચેતીપૂર્વક અને ઝડપથી બુધવારે કોરોનાની વેક્સિન દેશના દરેક ખૂણે પહોંચાડવામાં આવી હતી.

પૂણેના સિરમ ઇન્સ્ટિટ્યૂટમાંથી વેક્સિનના અંદાજે ૫૬ લાખ ડોઝ ૧૩ શહેરમાં મોકલવામાં આવ્યા હતા.

ભારત બાયોટેકે જણાવ્યું હતું કે એમણે ૧૧ શહેરમાં કોરોનાની રસીના ડોઝ સફળતાપૂર્વક પહોંચાડ્યા હતા. ભારત બાયોટેકે ૧૬.૫ લાખ ડોઝ મફતમાં સરકારને આપ્યા છે. એમણે પોતાની રસીનો જથ્થો ગનાવરમ, ગુવાહાટી, પટના, દિલ્હી, કુરક્ષેત્ર, બેંગલુરુ, પૂણે, ભૂવનેશ્વર, જયપુર, ચેન્નઇ અને લખનઊ મોકલ્યો હતો. કોરોનાની રસી મૂકવાના રાષ્ટ્રવ્યાપી અભિયાનનું આયોજન શનિવારે કરવામાં આવ્યું છે અને એ પ્રમાણે રાજ્યોએ પોતાને ત્યાં પૂરતી વ્યવસ્થા કરી રાખી છે.

રાષ્ટ્રીય સૂચી પ્રમાણે સૌપ્રથમ કોરોનાની રસી

(જુઓ પાનું ૨) ▸▸

અપૂરતી ટ્રાયલ સાથેની વેક્સિન આપવા સામે કૉંગ્રેસને વાંધો

નવી દિલ્હી: ભારત બાયોટેકની કોવેક્સિન નામની કોરોના વાઇરસ વિરોધી રસીનો જથ્થો બુધવારે સવારે દિલ્હી અને અન્ય ૧૦ શહેરોમાં પહોંચાડવાની શરૂઆત કરાઈ હતી ત્યાં કૉંગ્રેસ પક્ષના મતે રસીકરણની પ્રક્રિયાને હજી ટ્રાયલ (અજમાયશ) જ કહી શકાય, કારણકે ભારતમાં રસીકરણ પહેલાંની ત્રીજા તબક્કાની ટ્રાયલને મંજૂરી નથી મળી. એ જોતાં, સરકાર રસીકરણની પ્રક્રિયાને ત્રીજા તબક્કાની ટ્રાયલ ન ગણાવી શકે, એમ કૉંગ્રેસે ઉમેર્યું હતું.

સરકારનું વહીવટીતંત્ર દાવાની બાબતમાં ગુલાંટ મારી રહ્યું હોવાનો

(જુઓ પાનું ૨) ▸▸

શ્રીનગરમાં ઠંડી માઇનસ ૭.૮ અંશ સેલ્સિયસ

મુશ્કિલ રાહ: દલ લેકમાં પાણી થીજી ગયું હોવાથી શિકારાનો ચાલક બરફ તોડી આગળ વધવાનો પ્રયત્ન કરી રહ્યો છે. (પીટીઆઇ)

છેલ્લાં આઠ વર્ષનું સૌથી ઓછું તાપમાન

શ્રીનગર: જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરમાં લઘુતમ તાપમાન માઇનસ ૭.૮ અંશ સેલ્સિયસ નોંધાયું હતું. આ તાપમાન શહેરનું છેલ્લા ૮ વર્ષનું સૌથી ઓછું હતું.

ભારે હિમવર્ષાને લીધે જમ્મુ - શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ લગભગ બંધ જેવો જ થઇ ગયો હતો. દરમિયાન, રાતના રામબનની પાસે એક પુલની દીવાલ તૂટી પડતાં કાશ્મીરનો ખીણવિસ્તાર વિખૂટો પડી ગયો હતો. શ્રીનગરમાં અગાઉ ૨૦૧૨ની ૧૪ જાન્યુઆરીએ લઘુતમ તાપમાન માઇનસ ૭.૮ અંશ સેલ્સિયસ નોંધાયું હતું. દક્ષિણ કાશ્મીરમાં વાર્ષિક અમરનાથ યાત્રાના બેઝ કેમ્પ પહલગામમાં લઘુતમ ઉષ્ણતામાન માઇનસ ૧૧.૭ અંશ સેલ્સિયસ રહ્યું હતું.

ગુલમાર્ગમાં માઇનસ ૧૦ અંશ સેલ્સિયસ, કાઝીગુંડમાં માઇનસ ૯.૩ અંશ, કોકેરનાગમાં માઇનસ

(જુઓ પાનું ૨) ▸▸

કર્ણાટકના પ્રધાનમંડળનું વિસ્તરણ: સાતનો ઉમેરો

બેંગલૂરુ: કર્ણાટકના મુખ્ય પ્રધાન બી. એસ. યેદિયુરપ્પાએ પોતાના ૧૭ મહિના જૂના પ્રધાનમંડળનું બુધવારે વિસ્તરણ કર્યું હતું.

કર્ણાટકના પ્રધાનમંડળમાં સાત પ્રધાનનો સમાવેશ કરાયો હતો. આમ છતાં, આબકારી જકાત ખાતાના પ્રધાન એચ. નાગેશને પ્રધાનમંડળમાંથી પડતા મુકાય એવી શક્યતા છે.

રાજ્યપાલ વજુભાઇ વાળાએ રાજભવન ખાતે નવા પ્રધાનોને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. પ્રધાનમંડળમાં જે નવા પ્રધાનોનો સમાવેશ કરાયો છે તેમાં વિધાનસભાના સભ્યો ઉમેશ કટ્ટી, એસ. અંગારા, મુરુગેશ નિરાની અને અરવિંદ લિંબાવલીનો સમાવેશ થાય છે.

વિધાનપરિષદના સભ્યો - આર. શંકર, એમ. ટી. બી. નાગરાજ અને સી. પી. યોગેશ્વરનો પણ પ્રધાનમંડળમાં સમાવેશ કરાયો છે.

નવા પ્રધાનોના શપથવિધિ સમારંભમાં મુખ્ય

(જુઓ પાનું ૨) ▸▸

યુટ્યૂબે ટ્રમ્પની ચૅનલ સસ્પેન્ડ કરી

હૉંગકૉંગ: વિદાય લઈ રહેલા અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના ટેકેદારોએ તાજેતરમાં સંસદમાં નવા ચૂંટાયેલા પ્રમુખ બાઇડનની જીતને અવરોધવાના પ્રયાસમાં તોફાનો મચાવ્યા એને ધ્યાનમાં રાખીને ટ્રમ્પની ચૅનલ 'હિંસાને ભડકાવી શકે' એવી સંભાવના જોતાં યુટ્યૂબે આ ચૅનલને ઓછામાં ઓછા એક અઠવાડિયા માટે સસ્પેન્ડ કરી છે. એ સાથે, ટ્રમ્પની ઑનલાઇન પ્રવૃત્તિઓ પર લગામ મૂકવામાં ભૂમિકા ભજવતું યુટ્યૂબ છેલ્લામાં છેલ્લું માધ્યમ છે. ચૅનલ પરની અપલોડ કરાયેલી વિગતો પોતાની નીતિઓના ભંગ સમાન છે, એવું કારણ આપીને યુટ્યૂબે આ પગલું લીધું છે. (એપી)■

શુક્રવારથી નિર્ણાયક ટેસ્ટ: ભારત બ્રિસ્બેનમાં પહેલી વાર જીતશે?

બીસીસીઆઇના દબાણથી ઑસ્ટ્રે. બોર્ડ સીધું દોર થઈ ગયું!

બ્રિસ્બેન: ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે ચાર મૅચની બોર્ડર-ગાવસકર ટ્રોફી ટેસ્ટ-શ્રેણીમાં ૧-૧થી હિસાબ બરાબર રહ્યા બાદ શુક્રવારે (આવતી કાલે) ગૅબા ખાતેના બ્રિસ્બેન ક્રિકેટ ગ્રાઉન્ડ પર ચોથી અને નિર્ણાયક ટેસ્ટ (સવારે ૫.૦૦થી લાઇવ) શરૂ થશે. આ મેદાન પર ભારતનો રેકૉર્ડ બહુ જ ખરાબ છે, પરંતુ સોમવારે સિડનીમાં બૅટિંગમાં ચેતેશ્વર પુજારા, રિષભ પંત, રવિચન્દ્રન અશ્વિન તથા હનુમા વિહારીએ નોંધાવેલા અસાધારણ પ્રદર્શનને પગલે ભારતીય ટીમ ટેસ્ટને ઐતિહાસિક ડ્રૉ કરાવીને પરાજયથી બચવામાં સફળ રહી એનાથી ટીમ અજિંક્ય રહાણે આણિ મંડળીનો જુસ્સો અત્યારે બુલંદ છે. એ જોતાં, બ્રિસ્બેનમાં પણ ટીમ ઇન્ડિયા નવો ઇતિહાસ સર્જી શકે એમ છે. બ્રિસ્બેનમાં ભારતીયો ૧૯૪૭થી માંડીને ૨૦૧૪ સુધીમાં છ ટેસ્ટ રમ્યા છે જેમાંથી પાંચ હારી ગયા છે અને એક ટેસ્ટ ડ્રૉમાં પરિણમી છે. ભારત અહીં ક્યારેય ટેસ્ટ નથી જીતી શક્યું. અનેક ખેલાડીઓની

(જુઓ પાનું ૨) ▸▸

ઝેરી દારૂ પીને ૨૦નાં મોત: મોરેનાના કલેક્ટર, એસપી બરતરફ કરાયા

ભોપાલ/મોરેના: મધ્ય પ્રદેશના મોરેના જિલ્લામાં ઝેરી દારૂ પીને મરનારની સંખ્ય ૨૦ પર પહોંચી હતી. આ બાબતની ગંભીર નોંધ લેતા મુખ્ય પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે ઉચ્ચ સ્તરિય બેઠક બાદ મોરેનાના કલેક્ટર અને એસપીને કાઢી મૂકવાના આદેશ આપ્યા હતા.

એમણે આ લઠ્ઠા કાંડ માટે કલેક્ટર અને સુપરિટેન્ડેન્ટ ઑફ પોલીસને જવાબદાર ગણાવ્યા હતા અને જણાવ્યું હતું કે આ બહુ જ દુ:ખદ અને અમાનવીય ઘટના હતી. રાજ્યમાં ગેરકાયદે શરાબના વેચાણ સામે પ્રચાર અભિયાન ચલાવવું જોઇએ. આ બેઠકમાં રાજ્યના ગૃહ પ્રધાન નરોત્તમ મિશ્રા, ચીફ સેક્રેટરી આઇ. એસ. બેન્સ, ડીજીપી વી. કે. જોહરી અને એસીએસ રાજેશ રાજોરા હાજર રહ્યા હતા.

દરમિયાન, પોલીસે આ મામલે સાત વ્યક્તિ સામે કેસ દાખલ કરીને તપાસ શરૂ કરી હતી. સાતેય આરોપીને પકડવા માટે પોલીસે પ્રત્યેકને માથે રૂ. ૧૦,૦૦૦નું ઇનામ જાહેર કર્યું છે. ડીઆઇજી (ચંબલ) રાજેશ હિંગનકરે જણાવ્યું હતું કે ઝેરી

(જુઓ પાનું ૨) ▸▸

પટનામાં ઇન્ડિગોના મૅનેજરની હત્યા

પટના: અહીં ઇન્ડિગો ઍરલાઇન્સના ૪૦ વર્ષીય ઍરપોર્ટ મૅનેજર રૂપેશકુમાર સિંહની મંગળવારે સાંજે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી જેને પગલે બિહારના આ પાટનગરના રાજકીય વર્તુળોમાં મામલો ખૂબ ગરમ હતો. તેઓ કારમાં ઑફિસેથી પાછા આવ્યા બાદ પોતાના નિવાસસ્થાનનો મેઇન ગેટ ખુલવાની રાહ જોઈ રહ્યા હતા ત્યારે તેમના પર ગોળીઓ વરસાવવામાં આવી હતી. સીસીટીવી ફૂટેજ મુજબ બે હત્યારા મોટરસાઇકલ પર આવ્યા હતા. (પીટીઆઇ)■

ઈડીએ તૃણમૂલના ભૂતપૂર્વ સાંસદની ધરપકડ કરી

નવી દિલ્હી: એન્ફૉર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)એ તૃણમૂલ કૉંગ્રેસના ભૂતપૂર્વ સંસદસભ્ય અને બિઝનેસમૅન કે. ડી. સિંહની મની લૉન્ડરિંગના બે કેસોને લગતા આરોપો સંબંધમાં મંગળવારે રાત્રે ધરપકડ કરી હતી. ઇડીએ જણાવ્યું હતું કે અલકેમિસ્ટ લિમિટેડના ૫૯ વર્ષીય સ્થાપક કે. ડી. સિંહ તપાસમાં સહકાર ન આપી રહ્યા હોવાનો આરોપ ઇડીએ મૂક્યો હતો. દરમિયાન, દિલ્હીની એક અદાલતે બુધવારે કે. ડી. સિંહને ત્રણ દિવસ માટે ઇડીની કસ્ટડીમાં મોકલ્યા હતા. તેમની સામેનો એક કેસ કોલકાતા પોલીસની એફઆઇઆરને આધારે અને બીજો કેસ સેબીની ફરિયાદને આધારે નોંધાયો છે. (પીટીઆઇ)■

ટ્રમ્પને હોદ્દા પરથી દૂર કરવા કૅબિનેટની બેઠક બોલાવવાનો પેન્સનો ઇનકાર

વૉશિંગ્ટન: અમેરિકાના ઉપપ્રમુખ માઇક પેન્સે વિદાય લઇ રહેલા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને હોદ્દા પરથી દૂર કરવા માટે બંધારણના પચીસમા સુધારા હેઠળ મળેલા અધિકારનો ઉપયોગ કરવાનો ઇનકાર કર્યો હતો.

અમેરિકાના બંધારણના પચીસમા સુધારાની જોગવાઇ મુજબ દેશના પ્રમુખને હોદ્દા પરથી દૂર કરવા માટે ઉપપ્રમુખ પ્રધાનમંડળની બેઠક બોલાવીને મતદાન કરાવી શકે છે. માઇક પેન્સે ગૃહનાં સ્પીકર નેન્સી પેલોસીને પત્ર લખીને જણાવ્યું હતું કે આપણા બંધારણમાંના પચીસમા સુધારા મુજબ જો હાલમાં પ્રમુખને હોદ્દા પરથી દૂર કરવા માટે કાર્યવાહી કરીશું તો તેનો ભવિષ્ય માટે ખોટો દાખલો બેસશે.

યુએસ કૅપિટલમાં છઠ્ઠી જાન્યુઆરીએ ટ્રમ્પના ટેકેદારોએ આચરેલી હિંસામાં પાંચ જણ માર્યા ગયા હતા. આ ઘટનાને પગલે નેન્સી પેલોસી અને ગૃહના કેટલાક ડેમોક્રેટ્સ

(જુઓ પાનું ૨) ▸▸